ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૩ ડીગ્રી
ભેજ
સવારે ૮૧ ટકા ● સાંજે ૬૪ ટકા

# પાંચમું નોરતું : પાંચમા નોરતે કરો સ્કંદમાતાની પૂજા



### પૂજામાં આ સામગ્રી અચૂક રાખો

સ્કંદમાતાની પૂજામાં ઘનુષ બાણ અર્પિત કરવાનું મહત્વ છે. તેમને સુહાગનો સામાન જેમકે લાલ ચુંદડી, સિંદૂર, નેલપોલિશ, ચાંલ્લો, મહેંદી, લાલ બંગડી, લિપસ્ટિક અર્પણ કરવાનું મહત્વ છે. નવરાત્રિના પાંચમા દિવસે લાલ વસ્ત્રમાં માતાને આ દરેક સામગ્રી લાલ ફૂલ અને ચોખા સાથે અર્પણ કરવી જોઈએ. મહિલાઓના સૌભાગ્ય અને સંતાન પ્રાપ્તિની શક્યતા વધી જાય છે

## જગદંબાના આ અવતારને સૃષ્ટિ અને ખાસ કરીને સામાજિક જીવનને આગળ વધારવા માટેના અનુષ્ઠાનનું ધોતક ગણવામાં આવે છે

આજે છે વિક્રમ સંવત ૨૦૭૮ના આસો સુદ પાંચમ. પાંચમું નોરતું એટલે મા નવદુર્ગાના ‘‘મા સ્કન્દમાતા’’ સ્વરૂપની પૂજા-આરાધના કરવાનો દિવસ.

ભગવાન સ્કંદ ‘કુમાર કાર્તિકેય‘ ના નામે પણ ઓળખાય છે. આ જ ભગવાન સ્કંદની માતા હોવાને કારણે માઁ દુર્ગાજી આ સ્વરૂપને સ્કંદમાતાના નામથી ઓળખવામાં આવે છે.

તેમના વિગ્રહમાં ભગવાન સ્કંદજી બાળરૂપમાં તેમના ખોળામાં બેસેલા હોય છે. સ્કંદમાતાના ચાર હાથ હોય છે. તેમના બંને તરફના ઉપરના હાથમા કમળનું ફૂલ છે. નીચેના જમણા હાથથી તેમણે બાળ કાર્તિકેયને પકડેલ છે જ્યારે નીચેનો ડાબો હાથ આશીર્વાદ મુદ્રામાં છે. તેમનો વાન સંપૂર્ણ ગોરો છે. તેઓ કમળના આસન પર વિરાજેલા રહેવાના કારણે તેમને પદ્માસના દેવી પણ કહે છે. તેમનુ વાહન સિંહ છે.


સ્કંદમાતાની ઉપાસનાથી બાળસ્વરૂપ સ્કંદ ભગવાનની ઉપાસના પણ આપમેળે થઈ જાય છે. આ માતાનું પૂજન-અર્ચન કરવાથી બધા મનોરથ સિધ્ધ થાય છે. અને પરિવારમાં સુખ, શાંતિની સ્થાપના થાય છે.

સૂર્ય મંડળની અધિષ્ઠાત્રી દેવી હોવાને કારણે તેમનો ઉપાસક અલૌકિક તેજ અને ક્રાંતિથી સંપન્ન થઈ જાય છે. એક અલૌકિક પ્રભામંડળ અદ્રશ્ય રીતે હંમેશા તેની આસપાસ ફરતું રહે છે.

જગતજનની મા અંબા સૌનું રક્ષણ કરવા વાળી છે ભક્તોની શ્રદ્ધા નો યોગ્ય પ્રત્યુત્તર આપનારી છે એટલે જ તો સનાતન ધર્મમાં યુગોથી મા પર ની અખૂટ શ્રદ્ધા થી નવરાત્રિનું ધર્મ યજ્ઞ ચાલતું રહે છે નવીન ઉર્જા પ્રગટાવતું સામાજીક એકતા ની ભાવના ને ખીલવતું નોરતા નું પર્વ અનુષ્ઠાન અને આરાધનાનો પણ આવિર્ભાવ કરે છે જીવનમાં વ્યાપેલા આસુરી વૃત્તિ પર વિજય મેળવવો એ જ નવરાત્રિ મહોત્સવનું તાત્પર્ય છે આજે પાંચમું નોરતું સ્કંદમાતાની સ્તુતિ નો પર્વ છે જગદંબાના આ અવતારને સૃષ્ટિ અને ખાસ કરીને સામાજિક જીવનને આગળ વધારવા માટેના અનુષ્ઠાનનું ધોતક ગણવામાં આવે છે નવરાત્રીના નવ સ્વરૂપો પ્રસ્તુતિ અલગ અલગ મહિમા ધરાવે છે પાંચમાં નોરતે માતાજીની આરાધના કરવામાં આવે છે.

સ્કંદમાતા ને પ્રસન્ન કરવાથી ભાવિકને પુત્ર પ્રાપ્તિ થાય છે સમાજજીવન અને સમગ્ર સૃષ્ટિના સંચાલન અને આ સામાજિક જ્ઞાન અને આગળ વધારવા માટે ભાવિ પેઢીનું નિર્માણ જરૂરી છે દરેક જીવ માટે તેના વારસદાર ની આવશ્યકતા છે પુત્રપ્રાપ્તિની આ એસણા સ્કંદ માતા ની સ્તુતિ પૂરી કરે છે જીવનમાં દરેક પરિવાર વ્યક્તિ મહિલા પુરુષ માટે તેના જીવન અને ધર્મભક્તિ ને નિરંતર આગળ વધારવા માટે પુત્ર આવશ્યક હોય છે શાસ્ત્ર અને પુરાણ વેદ માં પણ દરેક દેવ દેવત્વ અને ઘરમ અધિકારીને પોતાનો ધર્મ યજ્ઞ અવિરત ચાલુ રાખવા માટે ઉત્તરાધિકારી ની આવશ્યકતા હોય છે ત્યારે વિશ્વ ભલે મેડિકલ અને વિજ્ઞાન ક્ષેત્રે ખૂબ જ આગળ વધી ગયું હોય કાળા માથાનો માનવી કુદરતની ઘણી બાબતો પોતાના હાથમાં લેવા હોવા ત્યાં મારે છે ઘણા પ્રયત્નો થાય છે પરંતુ ઈશ્વરે આજે પણ જીવન અને મૃત્યુની દોરી પોતાના હાથમાં રાખી છે ત્યારે જીવન અને મૃત્યુ સંપૂર્ણપણે ઈશ્વરના આધીન છે તેના માટે દેવત્વના આશીર્વાદ અનિવાર્ય છે

## જન્મદિને વધામણી



કિરણ હસમુખલાલ પટેલ
મો. ૯૪૨૬૫ ૮૨૫૯૪



જાનકી પૂનમભાઈ નાયી
મો. ૯૯૦૪૮૯૧૨૮૦



દરજી શાનવી નવનીતકુમાર

# ભક્તિ સાથે દેશભક્તિના સમન્વયનો સંદેશો



આજના નવ યુવાનો દ્વારા ચાલતા સમાજ કલ્યાણ અને દેશપ્રેમ ઉજાગર કરવાના હેતુ થી આગળ વધતા ... રાધે રાધે પરીવાર ગાંધીનગર અને આર.સી.સેલ્સ, કર્ણાવતી પરીવાર જેઓ દ્વારા ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી એટલે ગિફ્ટ સિટી ક્લબ, ગાંધીનગર દ્વારા આયોજિત નવરાત્રી મહોત્સવ ૨૦૨૨માં ગુજરાતના ઈતિહાસમાં સૌ પ્રથમ વખત ખેલૈયાઓ એ ૧૫૫૧ ફૂટ લંબાઈ અને ૧૦ ફૂટ પહોળાઈ ધરાવતા વિશાળ રાષ્ટ્રધ્વજને સન્માન આપી અને અમર શહીદ ભગતસિંહની જયંતી પર નમન કરી ગરબાની શરૂઆત કરીને ૨૬મી શૌર્ય મહાયાત્રા સફળતાપૂર્વક સંપન્ન કરી હતી.



સરગાસણ વિસ્તારમાં આવેલી પ્રમુખ હોરીઝોન-૨ માં નવરાત્રીનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. નાના બાળકો થી લઈ મહિલાઓ તેમજ ભાઈઓ સૌ સાથે મળીને ગરબે ઘુમીને માતાજીની આરાધના કરતા જોવા મળી રહ્યા છે. રોશનીથી ઝગમગતા માતાજીના સુશોભિત પંડાલ અને સાઉન્ડ સિસ્ટમના સથવારે પ્રાચીન અને અર્વાચીન ગરબાના તાલે ગરબા પ્રેમીઓ ગરબે ઘુમી રહ્યા છે. ત્યારે પ્રમુખ હોરીઝોન-૨ માં સ્વચ્છતા પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. જયારે ગરબા બાદ સૌ ભાઈ-બહેનો માટે અલ્પાહારની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. જયારે હાર્દિક ચૌધરી, નરેન્દ્રસિંહ રાણા, પિયુષ ચૌધરી, મયુરસિંહ રાજપૂત, ધર્મેન્દ્રભાઈ પટેલ, જૈનિશ બ્રહ્મભટ્ટ અને કમિટીના સભ્યો નવરાત્રીને સફળ બનાવવા માટે ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ગાંધીનગરના બાળકો મુંબઈમાં કરાટેની નેશનલ ચેમ્પિયન શીપમાં વિજેતા બન્યા



ગાંધીનગર, તા.૨૯

ઓલ ઈન્ડિયા શોટોકન કરાટે દો ફેડરેશન (AISKF) દ્વારા મુંબઈ ખાતે તારીખ ૨૪, ૨૫ સપ્ટેમ્બર ૨૦૨૨ ના રોજ ક્લબ એક્વેરિયા ખાતે કરાટે ચેમ્પિયન શીપ સ્પર્ધા યોજાઇ હતી. જેમાં ગાંધીનગર ના છ બાળકો ગોલ્ડ, સિલ્વર, બ્રોન્ઝ તથા ચેમ્પયન શીપ ટ્રોફી જીતી ગાંધીનગર નું નામ રોશન કરેલ છે. તેમના કોચ તરીકે સેન્સાઈ ડિમ્પલ ભટ્ટે તાલીમ તથા માર્ગદર્શન પૂરું પાડેલ હતું. આન્યા ક્રિશ્ચયન - ચેમ્પિયનશીપ ટ્રોફી, શુભાંગ ગોખલે - ચેમ્પિયનશીપ ટ્રોફી, મીર પટેલ-બે બ્રોન્ઝ મેડલ, આર્ય ક્રિસ્ટીન - એકગોલ્ડ, એકબ્રોન્ઝ, જીયા ઠાકોર - બે સિલ્વર મેડલ, છવી વૈશ્યક- એક ગોલ્ડ, એક સિલ્વર. ઉલ્લેખનીય છે કે છવીને ટીવી પર બાળ કલાકાર તરીકે આપણે અવાર નવાર જોઈ ચૂક્યા છીએ.

# સાદરા સંકુલમાં કલાઈમેન્ટ ચેન્જ વિષય પર સૂત્ર લેખન સ્પર્ધા યોજાઈ



ગાંધીનગર, તા.૨૯

કલાઈમેન્ટ ચેન્જ વિષય પર સાદરા સંકુલમાં સૂત્ર લેખન સ્પર્ધા યોજાઈ હતી. ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા કલાઈમેંટ ચેન્જ વિષય પર સૂત્ર લેખન સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં વિદ્યાર્થીઓએ રસ પૂર્વક ભાગ લઈ પર્યાવરણ, જળ વાયુ પરિવર્તન, જંગલ, જૈવ વૈવિધ્ય, અને કચરાના નિકાલનું વ્યવસ્થાપન વિષયોને લગતા સુંદર સૂત્રો બનાવ્યા હતા. જેમાં પ્રથમ નંબરે ઉર્વશી સોલંકી, દ્વિતીય નંબર પર પ્રીતિકા વસાવા, તૃતીય સ્થાને વીણા લુવા એ પ્રાપ્ત કર્યું હતું. નિર્ણાયક તરીકે ની ભૂમિકા ડૉ.દિવ્યેશ ભટ્ટે નિભાવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંકુલના સંયોજક ડૉ.રાજેન્દ્ર જોષીના માર્ગદર્શન હેઠળ પોગ્રમ ઓફિસર ડૉ.મોતીભાઈ દેવું એ કર્યું હતું.

# સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિ.માં ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમ્યા



ગાંધીનગર, તા.૨૯

અમદવાદ ૨૯ સપ્ટેમ્બર ૨૦૨૨: પરંપરા અને રીત - રિવાજની ઉજવણીમાં ભારતીય હંમેશા આગળ હોય છે અને જ્યારે નવરાત્રીની વાત કરીએ તો ગુજરાત હંમેશા અગ્રેસર રહ્યું છે. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી ખાતે બહુમુખી ગાયિકા ડો. મિતાલી નગ અને અક્ષય તમયચે સાથે મુખ્ય અતિથિ સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના વાઈસ પ્રેસિડેન્ટ આદિ જૈન અને સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ડિરેક્ટર લવ જૈનની ઉપસ્તિથીમાં ૨૦૦૦થી વધુ ખેલૈયાઓ ગરબાના તાલે ઝુમીયા હતા. લોકો જુદા જુદા પરંપરાગત દેખાવમાં, વિવિધ બીટ અને સ્ટેપ્સ પર ગરબા કરતા જોવા મળ્યા હતા, જ્યારે કેટલાક પરંપરાગત અને બિન-પરંપરાગતના સમન્વયવાળા પોશાક ધારણ કર્યા હતા. સ્વર્ણિમ તેના વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ માટે ઈમર્સીવ લર્નિંગનો અનુભવ આપે છે અને એક સરખા જોશ સાથે તહેવારોની ઉજવણી કરવી એ તેના ભાગ રૂપે છે. આ કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યુંહતું.



શાલીન-૨ સોસાયટી વાવોલમાં ત્રીજા નોરતે આરતીમાં મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે હાજરી આપી હતી.

# પ્રકૃતિની પાઠશાળા ગ્રીનવેલી સ્કુલના દ્વારે




ગાંધીનગર, તા.૨૯

ગુજરાત સરકારના ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા પ્રોત્સાહિત અને વર્લ્ડ એરાઉન્ડ યુ દ્વારા ગાંધીનગરની ગ્રીન વેલી સ્કુલ ફોર ચિલ્ડ્રનમાં પ્રકૃતિની પાઠશાળા વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ગ્રીનવેલી સ્કુલના બાળકોને પ્રદુષણ અંગે જાગૃતિ લાવવા અને આપણા પોતાના પર્યાવરણની ઉર્જા બચાવવા માટે એક ડોક્યુમેન્ટરી બતાવવામાં આવી હતી. ઉપરાંત ગ્લોબલ વોર્મીંગ, ગ્રીન હાઉસની અસર, માનવ વન્ય જીવન વગેરે પર આબોહવા પરિવર્તનની અસરોને આવરી લીધી હતી. પર્યાવરણના પ્રદુષણ અને વિક્ષેપને સમજાવતાં પ્રશિક્ષકોએ આ મુખ્ય સમસ્યાના ઉપાયો પણ સમજાવ્યા હતા. જેમકે ભુઉષ્મીય ઉર્જા અને બાયોમાસ પાવરનો ઉપયોગ કરવો, કેવી રીતે સુકાઈ ગયેલા વૃક્ષો, લાકડાની ચીપ્સ, સ્ટ્રો, ઝાડીઓ, સુકાઈ ગયેલ ઘાસ વગેરે કમ્પોઝીટીંગ સામગ્રી વીજળી ઉત્પન્ન કરી શકે છે. કચરાનું પણ મહત્વ છે અને તે કુદરતી કાર્બન ચક્રનો એક ભાગ છે તે ચિત્રો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવ્યું હતું.

# ઈન્ફોસીટી સાયન્સ કોલેજ ખાતે વર્લ્ડ હાર્ટ ડે નિમિત્તે કાર્યક્રમ

ગાંધીનગર, તા.૨૯

ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ઘ-૦ યુનિટ ખાતે વર્લ્ડ હાર્ટ ડે સંદર્ભમાં રેડ ક્રોસ સોસાયટી દ્વારા વિદ્યાર્થીઓને માહિતગાર કરવામાં આવ્યા હતા તેમજ ફર્સ્ટ એડ ટ્રેનીંગ પ્રોગામ સબંધિત માહિતી આપી હતી. આ માટે મેડીકલ ઓફીસર ડો.રૂદ્રેશ શર્મા, પ્રોગ્રામ ડીરેકટર મનીષા સોલંકી, ગાંધીનગર ડીસ્ટ્રીકટ સોસાયટીના ચેરમેન જીલુભા ધાંધલ તથા વાઈસ પ્રેસીડેન્ટ ડો.પ્રદીપ ગગલાનીએ પ્રવચન આપ્યું હતું તો સંચાલન તુષારકુમારે કર્યું હતું.

# શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી ખાતે "વિશ્વ હૃદય દિવસ"ની ઉજવણી



ગાંધીનગર, તા.૨૯

"વિશ્વ હૃદય દિવસ" નિમિત્તે શારદા કોલેજ ઓફ ફિઝિયોથેરાપી, ગાંધીનગર ખાતે એરોબિક એક્સરસાઈસ કરાવવામાં આવેલ હતી. આ કાર્યક્રમનું સંચાલન ડો.જેની પંચાસરા દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીઓ અને સ્ટાફે ભાગ લીધો છે. હૃદયને સ્વસ્થ રાખવા માટે, નિયમિત કસરત જેવી કે ચાલવું, એરોબિક અને જીવનશૈલીમાં ફેરફાર કરવો જરૂરી છે. તેને ધ્યાનમાં રાખીને, બધા સહભાગીઓને તેમના હૃદયને સ્વસ્થ રાખવા માટે દરરોજ કસરત કરવા માટે પ્રેરિત કરવામાં આવ્યા હતા.